રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા અને સબડીસ્ટ્રીકટ વડોદરા વિભાગ-૫ ના મોજે ગામ સવાદના રે.સ.નં. ૧૮૪/૧૧ તથા ૧૮૪/૧૨ ના ફા.પ્લોટ નં.૬૦/૧ તથા ૬૦/૨ ટી.પી.સ્કીમ નં.-૬, પૈકી ફા.પ્લોટ નં.૬૦/૧ જેનું ક્ષેત્રફળ ૫૭૭૦ ચો.મી વાળી જમીનમાં આવેલ "સર્વ-૧ નામની યોજનામાં આવેલ સબ પ્લોટ નં..... નો વેચાણ દસ્તાવેજ રૂપિયા ..../- પુરાનો.

આજ રોજ તા. -- ૨૦૧૭, ના રોજ સદર વેચાણનો દસ્તાવેજ

લખી લેનારાઓ એક તરફવાળા :-

........................., ઉં.વ.........., ધંધોઃ ....,

જેનો પાન નં. A.......................... છે.

રહે. .... વડોદરાના જેમને હવે પછી સદર વેચાણ દસ્તાવેજમાં લખી લેનાર એટલે કે વેચાણ રાખનાર એ રીતે સંબોધવામાં આવશે. જે શબ્દના અર્થમાં એક તરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, નોમીનીઓ, એકઝીક્યુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ વિગેરેનો સમાવેશ થાય છે. તે એક તરફવાળા.

તથા

જોગ સદર વેચાણ દસ્તાવેજ લખી આપનારાઓ બીજી તરફવાળા : (જમીન માલીકો)

(૧) કનુભાઈ નરસિંહભાઈ અમીન, ઉં.વ.આ. ૭૪, ધંધો : ખેતી અને વેપાર

જેનો પાન નં. ABNPA 4194M છે.

(૨) આશિષ કનુભાઈ અમીન, ઉં.વ.આ. ૪૫, ધંધો : ખેતી અને વેપાર

જેનો પાન નં. ABOPA4413G છે.

બંન્ને રહેવાસી.: ૫, બાલકૃષ્ણ સોસાયટી, પેરીસનગરની સામે, સાંઈનાથ માર્ગ, દિવાળીપુરા, જુના પાદરા રોડ, વડોદરાના કુલમુખત્યાર હાર્દિકભાઈ નવિનભાઈ અમીન, ઉં.વ.૩૧, ધંધો : ખેતી તથા વેપાર, રહે. એ-મેઘદૂત બંગલો, આશીર્વાદ ટેનામેન્ટની સામે, દિવાળીપુરા, સાંઈનાથ માર્ગ, જુના પાદરા રોડ, વડોદરા જેમને હવે પછી લખી આપનાર એટલે કે વેચાણ આપનાર બીજી તરફવાળા એ રીતે સંબોધવામાં આવશે.

...૨

જેના શબ્દના અર્થમાં લખી આપનાર બીજી તરફવાળા પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, નોમીનીઓ, એકઝીકયુટર્સ, એડમીનીસ્ટ્રેટર્સ, વિગેરે તમામનો સમાવેશ થાય છે. તે બીજી તરફવાળા.

તથા

<u>સંમતી આપનારાઓ ત્રીજી તરફવાળા :-</u>

સદર ડુપ્લેક્ષોનું બાંધકામ કરવાવાળા ભાગીદારી પેઢી ત્રીજી તરફવાળાઓ :- કંન્સ્ટ્રકશન્સ એન્ડ ડેવલપમેન્ટ સર્વિસીસ ના વહીવટ કર્તા ભાગીદારો તરફે ભાગીદાર

(૧) હાર્દીક નવિનભાઈ અમીન, ઉં.વ.આ. ૩૧, ધંધો : ખેતી અને વેપાર

જેનો પાન નં. AILPA 2376E છે.

રહે.: એ-મેઘદૂત બંગ્લોઝ, આશિર્વાદ ટેનામેન્ટસની સામે, દિવાળીપુરા, વડોદરા,

(૨) મયંક ઓચ્છવલાલ ફડીયા, ઉં.વ.આ. ૪૭, ધંધો : વેપાર

જેનો પાન નં. AACPF 6931D છે.

રહે.: બી-૧૦, અંબિકા વિ-૧, પરાગરજ સોસાયટી પાસે, હરણી વારસીયા રોડ, વડોદરા,

જેમને હવે પછી સદર વેચાણ ના દસ્તાવેજમાં બાંધકામ કરનાર ત્રીજી તરફવાળા એ રીતે સંબોધવામાં આવશે જેના શબ્દના અર્થમાં સંમતી આપનાર ત્રીજી તરફવાળા ભાગીદારી પેઢી તથા તેના હાલના તથા વખતો વખતના અને છેલ્લા હયાત ભાગીદારોનો પોતે જાતે તથા તેમના વંશ, વાલી, વારસો, સકસેસરો, એસાઈનીઓ, નોમીનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થાય છે.

જોગ સદર વેચાણનો દસ્તાવેજ અમો બીજી તરફવાળા તથા ત્રીજી તરફવાળાઓ તમો એક તરફવાળાને અમારી રાજીખુશીથી લખી આપીએ છીએ કે...

(૧)અમો બીજી તરફવાળાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટાની મીલકત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા અને રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વડોદરા વિભાગ-૫ ગામ મોજે સવાદના રે.સ.નં.૧૮૪/૧૧, ૩૭૪૩ ચો.મી. બીજી તરફવાળા પૈકી આશિષ કનુભાઈ અમીનની કબજા ભોગવટાની આવેલી છે તથા રે.સ.નં.૧૮૪/૧૨, ક્ષેત્રફળ ૪૩૫૦ ચો.મી. વાળી જમીન બીજી તરફવાળા કનુભાઈ નરસિંહભાઈ અમીન તથા આશિષ કનુભાઈ અમીનના સંયુકત માલીકી અને કબજા ભોગવટાની આવેલી છે. સદરહું રે.સ.નં.૧૮૪/૧૧ તથા ૧૮૪/૧૨ વાળી જમીનનું

એકત્રીત ક્ષેત્રફળ ૮૦૯૩ ચો.મી. વાળી જમીનના બદલામાં ફા.પ્લોટ નં.૬૦/૧, ક્ષેત્રફળ ૫૭૭૦ ચો.મી. તથા ફા.પ્લોટ નં.૬૦/૨, ક્ષેત્રફળ ૬૫૪ ચો.મી. (ટી.પી. નં.૬, પુનઃરચના)નો ફાળવેલો છે.

(૨) બીજીતરફવાળાએ પોતાના ખર્ચે વડોદરા મહાનગર સેવા સદનમાથી અગાઉ ફા.પ્લોટ નં.૬૦/૧, ૬૦/૨, ૫૫/૧ તથા ૫૫/૨ અંગે રજાચિઠ્ઠી નં.વોર્ડ/૯,એલ-૩૫/૨૦૧૨-૧૩ થી તા.૨૮-૦૬-૧૨ થી બાંધકામ કરવા માટે નકશા મંજુર કરાવેલા તથા ફા.પ્લોટ નં.૬૦/૧ માટે રજાચિઠ્ઠી નં.વોર્ડ/૯, એલ-૧૯/૧૪-૧૫ તા.૨૫-૦૬-૧૪ ના રોજ નકશા રીવાઈઝડ કરાવી તેમાં પ્લોટો પાડેલા છે.

(૩)ફા.પ્લોટ નં.૬૦/૧ અને ૬૦/૨ વાળી જમીન અંગે મે. કલેકટર શ્રી વડોદરાના હુકમ નં.રીવી./એન.એ./એસ.આર./૧૦/૨૦૧૧-૧૨,નં.જમીન –ડી/ કલમ૬૫/વશી/૩૯૭૬/૨૦૧૨ તા.૦૪-૦૬-૧૨ ના રોજ રહેણાંકના ઉપયોગ માટે જમીન બીનખેતી એટલે કે એન.એ. બીજીતરફવાળાએ કરાવેલી છે.

(૪)જમીન બીન ખેતી કરાવ્યા પછી બીજીતરફવાળાએ ફા.પ્લોટ નં.૬૦/૧ ની ૫૭૭૦ ચો.મી. જમીન માં વડોદરા મહાનગર સેવા સદનમાંથી રીવાઈઝડ રજાચિઠ્ઠી નં. વોર્ડ/૯, એલ-૧૯/૧૪-૧૫ તા.૨૫-૦૬-૧૪ થી બાંધકામ કરવા માટેના નકશા મંજુર કરાવેલા છે જેના મંજુર થયેલા નકશા મુજબ રો-હાઉસ ડુપ્લેક્ષ નં.૧ થી ૮૦ નો સમાવેશ થાય છે જે યોજના “સર્વ-૧ રો-હાઉસ ડુપ્લેક્ષ” નામથી ઓળખાય છે. સદરહુ જમીનના કુલ-૮૦ રો-હાઉસ ડુપ્લેક્ષ પૈકી પશ્ચિમ તરફની ૩૪૪૫ ચો.મી.જમીન એટલે કે ૩૭૦.૮૨ ચો.મી. જમીન જેમાં રો-હાઉસ ડુપ્લેક્ષ નં.૧ થી ૫૪ નો સમાવેશ થાય છે. તે જમીન ડેવલપ કરી બાંધકામ કરવા માટે બીજી તરફવાળાઓએ ત્રીજી તરફવાળાઓને તા.૩૦-૦૬-૨૦૧૪ ના રોજ ડેવલપમેન્ટ કરાર નોટરીશ્રી નગીન એસ. ગોહિલ રૂબરૂ રજી. નં.૧૫૪૮૧ થી લખી આપેલ છે તથા સદરહું ડેવલોપમેન્ટ કરાર સ્ટેમ્પ ડ્યુટી વેલ્યુએશન તંત્ર વડોદરા વિભાગ-૧ ના નાયબ કલેકટર સાહેબશ્રીએ હુકમ કરી રૂા.૩,૭૨,૮૨૦/- ત્રીજી તરફવાળા કંન્સ્ટ્રકશન એન્ડ ડેવલોપમેન્ટ સર્વિસીસ પાસેથી વસુલ લેવા હુકમ કરેલો અને તે મુજબના રૂપિયા ૩,૭૨,૮૨૦/- ત્રીજી તરફવાળાએ તા.૩૦-૦૯-૧૬ ના રોજ ચલન નં.૪૯ થી ભરપાઈ કરી ડેવલોપમેન્ટ કરાર જરૂરી સ્ટેમ્પ ડ્યુટી ભરી રજીસ્ટર્ડ કરાવેલ છે.

(૫)સદરહું "સર્વ-૧" રો હાઉસ ડુપ્લેક્ષ વાળી યોજનામાં આવેલ સબ પ્લોટ નં. ...., જેના પ્લોટનું માપ .... ચો.મી. છે તથા વરાડે પડતા કોમન પ્લોટ તથા કોમન રસ્તાનું ક્ષેત્રફળ .... છે. સદરહું સબ પ્લોટ નં..... એક તરફવાળાએ સદરહું વેચાણ દસ્તાવેજથી રૂા.........../- અંકે રૂપિયા .... પુરાના અવેજથી વેચાણ રાખવાનું નક્કી કરેલ તે મિલકતનું વધુ વિગત વાર વર્ણન અને ખુંટ આ સાથેના પરિશિષ્ટમાં આપેલા છે. તે અંગેનું રજી.બાનાખત તા.......... ના રોજ રજી.નં......... થી સબ રજીસ્ટ્રાર કચેરી વિભાગ -૫ મોજે ગામ સવાદના ચોપડે નોંધાયેલ છે અને સદરહું મિલકતનો આજરોજ સદર વેચાણ દસ્તાવેજ બીજી અને ત્રીજીતરફવાળાઓ એકતરફવાળાને આજરોજ કરી આપે છે.

(૬)પરીશીષ્ટમાં દર્શાવેલી મિલકત રૂા............/- પુરાના વેચાણ અવેજના બદલામાં બીજી અને ત્રીજી તરફવાળાઓ સદરહુ વેચાણ દસ્તાવેજથી એક તરફવાળાઓને વેચાણ આપે છે. જેના વેચાણ અવેજની રકમ ટુકડે ટુકડે ચેકથી તથા રોકડેથી નીચે મુજબની વિગતે ત્રીજી તરફવાળાને ચૂકતે મળી ગયેલ છે.

એક તરફવાળાએ ચુકવેલ વેચાણ અવેજની વિગત

તારીખ	રકમ	ચેક/ રોકડા	બેન્કનું નામ
કુલ રૂા.			

ઉપર મુજબ રૂપિયા ..../- અંકે રૂપિયા .... પુરા ત્રીજી તરફવાળાને ચૂકતે મળી ગયેલ છે. જેની આ પાવતી ગણવાની છે સદરહુ અવેજના બદલામાં પરીશીષ્ટ વાળી મિલકત જેના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે અને કોઈપણ પ્રકારના જે કોઈ, લાભ, રાઈટસ, હકક કે ઈન્ટરેસ્ટ જે કંઈ બીજી તરફવાળાઓના આવેલા હોઈ તે તમામ સહીત એક તરફવાળાઓને આજ રોજ ઉપરોકત રૂા............./- ના અવેજ પેટે પ્રત્યક્ષ કબજા માલીકી હકક સહીત વેચાણ આપે છે જેનો પ્રત્યક્ષ કબજો તમો એક તરફવાળાએ સંભાળી લીધેલ છે.

પરીશિષ્ટ

વેચાણ આપેલ મીલકતનું વર્ણન

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા અને રજીસ્ટ્રેશન સબ ડીસ્ટ્રીકટ વડોદરા વિભાગ-૫ના મોજે સવાદ માં રે.સ.નં. ૧૮૪/૧૧ તથા ૧૮૪/૧૨ વાળી આવેલી છે. સદરહુ જમીનનો નગર રચના યોજનાની

ટી.પી.સ્કીમ નં.-૬ માં સમાવેશ થતાં તેના **ફા.પ્લોટ નં.૬૦/૧ તથા ૬૦/૨,** ફાળવવામાં આવેલ છે તે ફાઈનલ પ્લોટ પૈકી **ફા.પ્લોટ નં.૬૦/૧, ક્ષેત્રફળ ૫૭૭૦ ચો.મી.** વાળી જમીનમાં વડોદરા મહાનગર સેવા સદનમાંથી બાંધકામની રજાચિઠ્ઠી મેળવેલ છે. તે મુજબ સદર હું જમીનમાં **"સર્વ-૧" નામની યોજનાના** કુલ-૮૦ સબ પ્લોટોનું આયોજન કરવામાં આવેલ છે તે પૈકી **સબ પ્લોટ નં.....** જેના **પ્લોટનું માપ .... ચો.મી.** છે તથા **વરાડે પડતા કોમન પ્લોટ તથા કોમન રસ્તાનું ક્ષેત્રફળ .... ચો.મી.** છે. તે સબ પ્લોટ નં....... સદર વેચાણ દસ્તાવેજથી એકતરફવાળા વેચાણ રાખે છે. જેની ચતુસીમા નીચે મુજબ છે.

પૂર્વ :-

પશ્ચિમ :-

ઉત્તર :-

દક્ષિણ :-

ઉપરોકત વર્ણનવાળો સબ પ્લોટ નં...... તથા તેને લાગતા વળગતા વરાડે પડતી રસ્તાની જમીન તથા તેમાં જવાં આવવાના રસ્તાના/ પેસેજના, પાણીના નિકાલના તથા તેમાના રિધ્ધી સિધ્ધી અષ્ટમાં નવેનીધ કે જે પ્રગટ થાય તે તમામ લેવાના તથા તેને લાગતા વળગતા સર્વે પ્રકારના હકકો સાથેની, આકાશ થી પાતાળ સુધીની મીલકત તમો એક તરફવાળા પાસેથી પુરેપુરો વેચાણ અવેજ સ્વીકારી યાવતચંદ્ર દિવાકરો કુલ અભરામન દાવે અઘાટ તમો એક તરફવાળાને વેચાણ આપી છે. સદર મીલકતના તમો એક તરફવાળા તથા તમારા વંશ, વાલી, વારસો, સર્વે માલીક થયા છો અને તેના સ્વતંત્ર માલીકી હકકે તેનો વાપર, ઉપયોગ, ઉપભોગ, કરવા તે ગીરો વેચાણ, બક્ષીસ, આપવા હકકદાર અને અધિકારી થયા છો અને અમો બીજી તરફવાળા તથા ત્રીજી તરફવાળાઓ સદર મીલકત પરત્વે કોઈપણ પ્રકારનો લાગ, ભાગ કે હકક હીત સબંધ રહેલો નથી.

એક તરફવાળાએ પરિશિષ્ટવાળી મિલકત સબંધી જમીનની માલીકી બાબત તથા બાંધકામ કરવા માટેની પરવાનગી, રજાચિઠ્ઠી, વડોદરા મહાનગર સેવાસદને મંજુર કરેલા નકશા, કરારો વિગેરે તમામ પેપર્સ જોઈ તપાસી લીધા છે અને તે સબંધી એક તરફવાળાએ ખાત્રી કરી દીધી છે અને સંતોષ છે તથા "સર્વ-૧" રો-હાઉસ ડુપ્લેક્ષના નકશા રહેણાંકના હેતુ માટે મંજુર કરેલા છે અને તે મુજબ વેચાણ રાખનાર એક તરફવાળાએ તેનો ઉપયોગ કરવાનો છે.

સદરહુ "સર્વ-૧" ની યોજનાનું આયોજન ત્રીજી તરફવાળાએ કરેલું છે અને બીજી તરફવાળાએ ત્રીજી તરફવાળા સાથે કરેલી શરત મુજબ તે નામ હવે પછી કાયમ રહેશે અને ભવિષ્યમાં પણ તે નામ બદલવાનો અધિકાર કોઇને રહેશે નહી.

સદરહું ફા.પ્લોટ નં.૬૦/૧ ની ૫૭૭૦ ચો.મી. જમીન પૈકી પશ્ચિમ તરફની ૩૪૪૫ ચો.મી. જમીન જેમાં "સર્વ-૧" ના રો-હાઉસ ડુપ્લેક્ષના કુલ ૧ થી ૮૦ રો-હાઉસ ડુપ્લેક્ષો પૈકી રો-હાઉસ ડુપ્લેક્ષ નં.૧ થી ૫૪ નો સમાવેશ થાય છે. તથા બાકીની પૂર્વ તરફની ૨૩૨૫ ચો.મી. વાળી જમીન જેમાં ડુપ્લેક્ષ નં.૫૫ થી ૮૦ નો સમાવેશ થાય છે.

બીજી તરફવાળાએ મંજુર કરાવેલા લે-આઉટ પ્લાન / નકશામાં ફા.પ્લોટ નં.૬૦/૧ વાળી જમીનની લગભગ વચ્ચેથી પશ્ચિમથી પૂર્વ તરફ જતો ૭.૫ મીટર પહોળો અને આશરે ૭૯.૫ મીટરની લંબાઈનો ૧ થી ૮૦ રો-હાઉસ ડુપ્લેક્ષ માટે કોમન રસ્તો રાખેલો છે. જેનું ક્ષેત્રફળ આશરે ૫૯૫ ચો.મી. છે. તથા સદરહું ફા.પ્લોટ નં.૬૦/૧ ની ઉત્તર તરફ ૫૭૭ ચો.મી.નો કોમન પ્લોટ રાખેલો છે. સદરહું ફા.પ્લોટ નં.૬૦/૧ વાળી જમીનની લગભગ વચ્ચેથી પશ્ચિમ- પૂર્વ તરફનો રસ્તો તથા કોમન પ્લોટ નો માલીકી અને કબજો ભોગવટો ૧-૮૦ રો-હાઉસ ડુપ્લેક્ષ વચ્ચે સંયુકત રાખેલો છે. જેથી પશ્ચિમ તરફની ૩૪૪૫ ચો.મી. જમીન અને પૂર્વ તરફની ૨૩૨૫ ચો.મી. જમીનમાં રો-હાઉસ ડુપ્લેક્ષ અથવા જે કોઈ પ્રકારનું બાંધકામ કરી વેચાણ કરવામાં આવે તેના સભાસદો સદરહું કોમન પ્લોટ અને કોમન રસ્તાનો વાપર ઉપયોગ, ઉપભોગ કરી શકશે. સદરહું કોમન રસ્તાનું અને કોમન પ્લોટનું કુલ ક્ષેત્રફળ ૧૧૭૨ ચો.મી. છે.

સદરહુ "સર્વ-૧" નામની યોજના ના તમામ સભ્યોએ તેમના યુનીટ દીઠ ઉચ્ચક રકમ રૂા. ૧૫,૦૦૦/- મેઈન્ટેનન્સ માટે ડીપોઝીટ તરીકે ચુકવી આપવાની હતી. તે એક તરફવાળાએ અલગથી ચુકવી આપેલ છે.

સદરહુ "સર્વ-૧" નામની યોજનામાં લાઈટ, પાણી તથા ડ્રેનેજના ડેવલોપમેન્ટ ચાર્જ પેટે એક તરફવાળાએ ત્રીજી તરફવાળાને પરિશિષ્ટ વાળી મીલકત સબ પ્લોટ નં...... ના રૂા.૪૦,૦૦૦/- અલગથી ઈલાયદા ચુકવેલા છે.

વેચાણ લેનાર એક તરફવાળાએ એમ.જી.વી.સી.એલ.ના રૂલ્સ અને રેગ્યુલેશન મુજબ તથા મ્યુનીસીપલ કોર્પોરેશનના રૂલ્સ અને રેગ્યુલેશન મુજબ પાલન કરવાનું છે.

ઉપર જણાવેલ તમામ શરતોનું પાલન એક તરફવાળા કરવા સંમત છે અને તે શરતોનું પાલન કરવાની એક તરફવાળા બાંહેધરી આપે છે.

સદર વેચાણ દસ્તાવેજના આધારે તમોને વેચાણ આપેલ મીલકત તમો એક તરફવાળા રેવન્યુ રેકર્ડ, સીટી સર્વે રેકર્ડ, સરકારી કે અર્ધ સરકારી કચેરીમાં તથા વડોદરા મ્યુનીસીપલ કોર્પોરેશનમાં તમારા નામે કરાવી લેવા હકકદાર અને અધિકારી છો. તે અંગે જરૂરી સહી સંમતી અમો કરી આપીશું.

સદર મીલકતના તમો એક તરફવાળા સ્વતંત્ર માલીક થયા હોઈ રેવન્યુ ચાર્જીસ (જમીન મહેસુલ તથા અન્ય)જે કાંઈ આવે તે તમોએ ભરવાના રહેશે.

સદર વેચાણ દસ્તાવેજ નો સ્ટેમ્પ, નોંધણી ફી, લખાઈ ફી, વિગેરે તમામ ખર્ચ તમો એક તરફવાળા એ ભોગવેલ છે. ભવિષ્યમાં વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની થાય તો પણ તમો એક તરફવાળાને ભરવાની છે.

પરીશીષ્ટવાળી મિલકત અંગે સરકારશ્રીના ઈન્કમટેક્ષ તથા સર્વિસ ટેક્ષ/ જી.એસ.ટી.ના કાયદા અન્વયે જે કોઈપણ પ્રકારનો ટેક્ષ ભરવાનો થાય, તો તે ટેક્ષ અને સર્વિસ ટેક્ષ/જી.એસ.ટી. એક તરફવાળાએ ભરવાનો છે.

સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મીલકત તમો બીજી તરફવાળાની સ્વતંત્ર માલીકી અને કબજાભોગવટાની છે. તેમાં અમારા સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ, ભાગ, કે હકક હીત સંબધ રહેલો નથી. તેના ઉપર કોઈનો ખોરાકી પોષાકી કે રહેઠાણનો હકક પોષાતો નથી કે કોઈનો ગીરો,વેચાણ, બક્ષીસ, બાનાખત કે અન્ય કોઈપણ લખી આપેલ નથી. તે કોઈ દિવાની કોર્ટની જપ્તી કે અવલ જપ્તીમાં નથી. તે કોઈ રીઝર્વેશન કે સંપાદન હેઠળ આવરી લેવામાં આવેલ નથી તે કોઈને વેચવી વેચાવવી નહી તેવો કોઈ મનાઈ હુકમ નીકળેલ નથી.

...૮

સદર મીલકતના ટાઈટલ ચોખ્ખા અને કલીયર માર્કેટેબલ છે. તેમજ તે વેચાણ આપવાનો અમોને પુરતા હકકો અને અધિકાર છે. તેવો પાકો ભરોસો અને ખાત્રી આપીને સદર વેચાણ દસ્તાવેજ લખી આપેલ છે.

સદર વેચાણ નો દસ્તાવેજ અમો બીજી તરફવાળા તથા ત્રીજી તરફવાળાઓ એ અમારી રાજી ખુશીથી વાંચી, વંચાવી, દિલના સાવધપણે લખી આપેલ છે. જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો સર્વેને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે જેના સાક્ષી પુરાવા રૂપે નીચેના સાક્ષીઓ રૂબરૂ અમોને પોતાની સહીઓ કરી આપેલ છે.

સહી **સાક્ષી**

બીજી તરફવાળા :- (જમીન માલીક)

-------------------------------- (૧) ----------------------------

કનુભાઈ નરસિંહભાઈ અમીન,
આશિષ કનુભાઈ અમીનના કુ.મુ.
હાર્દિક નવિનભાઈ અમીન

(૨) ----------------------------

<u>સમંત્તિ આપનાર ત્રીજી તરફવાળાની સહી</u> :-

કંન્સ્ટ્રકશન એન્ડ ડેવલોપમેન્ટ સર્વિસીસ એ નામની ભાગીદારી
પેઢી તરફે અને વતી તેના વહીવટ કર્તા ભાગીદાર

(હાર્દિક નવિનભાઈ અમીન)

(મયંક ઓચ્છવલાલ ફડીયા)

ફોટોગ્રાફ

વેચાણ આપેલ મીલકતનું સરનામું : સબ પ્લોટ નં....., "સર્વ-૧"
શેષ નારાયણ સોસાયટીની સામે, રઘુકુળ સ્કુલ રોડ, પેટ્રોલ પંપની સામે,
ન્યુ.વી.આઈ.પી. રોડ, વડોદરા.

૧.

૨.

....	....	....
વેચાણ લેનારની સહી	વેચાણ આપનારની સહી	સમંતિ આપનારની સહી

રજીસ્ટ્રેશન એકટ ૧૯૦૮ ની કલમ ૩૨/એ મુજબનું શીડયુલ

એક તરફવાળાની સહી :-

(...............................)

બીજી તરફવાળાની સહી :-

(હાર્દિકભાઈ નવિનભાઈ અમીન)

ત્રીજી તરફવાળાની સહી :-

(હાર્દિક નવિનભાઈ અમીન)

(મયંક ઓચ્છવલાલ ફડીયા)